| | |
|---|---|
| દાખલ થયા તા. | ૦૯/૦૫/૨૦૨૩ |
| રજી. લીધા તા. | ૦૯/૦૫/૨૦૨૩ |
| ફેંસલ થયા તા. | ૧૭/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો ૦૨ વર્ષ ૧૦ માસ ૦૮ દિવસ** | |
| આંક ::- | |

**સુરેન્દ્રનગરના મહે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ : સુરેન્દ્રનગર.**

ફોજદારી કેસ નંબર : ૧૧૨૨/૨૦૨૩

**ફરીયાદી** :- **શ્રી રામ ફાઈનાન્સ લી. ના** પાવર ઓફ એટર્ની હોલ્ડર,
શ્રી નિશારઅહેમદ ગુલામ અહેમદ શેખ,
ઠે. શ્રીજી હોસ્પિટલ, ૨૦ ફર્સ્ટ ફલોર,
ભાગવત કોમ્પલેક્ષ, મેઈન રોડ, ગુરૂકુળ સામે,
ધ્રાંગધ્રા શાખા, સુરેન્દ્રનગર.

**//વિરૂધ્ધ//**

**આરોપીઓ** :- વિજયભાઈ ખેંગારભાઈ પરમાર,
રહે. ખોડુ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર.

બાબત :- **ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબ ફરીયાદ.**

---

ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલ શ્રી/શ્રીમતી/કુ :: આર.એમ.જોષી.
આરોપીઓ પક્ષે વિધ્વાન વકીલ શ્રી :: પી.એ.મકવાણા.

---

**//ચુકાદો//**

૧) આ કામમાં ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી શ્રી કંપની કે જે ધી કંપની એકટ – ૧૯૫૬ હેઠળ નોંધાયેલ છે. ફરિયાદી કંપની દરેક પ્રકારના વાહનો માટે ફાઈનાન્સ આપવાનો તથા જુના તથા નવા થ્રી વ્હીકલ, જૂની તથા નવી ગાડીઓ, ટ્રક, ટ્રેકટર, મશીનરી તથા કોમર્શીયલ વ્હીલરની ખરીદી માટે તથા ફરિયાદી કંપની આવા વાહનો ઉપર અન્ય રીતે પણ ધિરાણ આપવાનું કામ કરે છે. ફરિયાદી કંપનીનું કાર્યક્ષેત્ર ભારતભરમાં આવેલ છે. જેની એક બ્રાન્સ સુરેન્દ્રનગર મુકામે આવેલ છે.

તહોમતદારને મારૂતી ઈકો ગાડી કે જેનો રજીસ્ટ્રેશન નંબર – જી.જે.૦૧.કે.એમ.૨૪૫૧ ઉપર પૈસાની જરૂરિયાત હોય, ફરિયાદી કંપનીનો સંપર્ક કરેલ અને ફરિયાદી કંપની પાસેથી નિયત કરેલ સમયમાં નિયત કરેલ વ્યાજે તથા ખર્ચ સહિતની રકમ, નિયત કરેલ રકમના નિયમિત રીતે માસિક હપ્તામાં ચુકવી આપવાની ખાતરી, વિશ્વાસ, વચન અને ભરોસો આપ્યેથી હોઈપોથીકેશન એગ્રીમેન્ટ પણ કરેલ અને વ્હીકલ લોન, લોન એકાઉન્ટ નંબર – SURNGT002170001, RS/- 80,000/-, Dated 17.02.2020 ના રોજ લીધેલ અને તે લોન માસિક હપ્તેથી ભરપાઈ કરવાની હતી.

ઉપરોકત મુજબ ફરિયાદી પાસેથી તહોમતદારે ધોરણસર વ્યાજદરે લોન મેળવેલ અને જે નિયત કરેલ માસિક હપ્તામાં ચુકવવાની

હતી. જે લોનની રકમનોની નિયમિત ચુકવણી ન થતાં ફરિયાદી કંપની દ્વારા તહોમતદારને બાકીની રકમની ચુકવણી કરી જવાનું જણાવવામાં આવેલ. તહોમતદારે ફરિયાદી કંપનીની લોનની વ્યાજ સહિતની રૂપિયા ૨૫/૦૩/૨૦૨૩ ના રોજ સુધીની આઉટસ્ટેન્ડીંગ ચડતની કુલ રકમ રૂપિયા ૨,૧૬,૬૫૭.૮૮ પૈકી તહોમતદારે તેમની ઈન્ડિયન બેંક, ધ્રાંગધ્રા શાખાના બેંક ખાતાનો ખાતા નંબર – ૬૧૧૯૦૩૯૨૮૨ નો ચેક નંબર – ૧૫૯૫૭૩, રકમ રૂપિયા ૮૦,૦૦૦/– નો તારીખ ૨૫/૦૩/૨૦૨૩ ના રોજનો ચેક તહોમતદારે ફરિયાદીને આપેલ. જે ચેક ફરીયાદીએ તેનુ ખાતુ ધરાવતી '' **એકસીસ બેંક લી, સુરેન્દ્રનગર** '' શાખામાં સદરહું ચેક નંબર – ૨૪૮૨૦૦ રજૂ કરતા વસુલ થયા વગર કારણ '' **FUNDS INSUFFICIENT** '' ના શેરા સાથે તારીખ ૨૮ /૦૩/૨૦૨૩ ના રોજ પરત ફરેલ. જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ ફોજદારી ગુનાને પાત્ર ગુનો કરતા આરોપીનો આ કાયદા હેઠળ તારીખ – ૦૮/૦૪/૨૦૨૩ નાં રોજ રજી.એ.ડી. થી લીગલ નોટીસ વકીલ મારફત આપેલ. જે આરોપીને મળી ગયા બદલની જરૂરી પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ રજૂ કરેલ. આમ, તહોમતદારે આજ દિન સુધી ફરિયાદીને તેની લેણી રકમ રૂપિયા ૮૦,૦૦૦/– ચુકવી આપેલ ન હોય, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ ગુનો કરેલ હોય, આરોપીને ગંભીર શીક્ષા, સજા, યોગ્ય

દંડ તથા વળતરને પાત્ર ફોજદારી ગુન્હો ઈરાદાપુર્વક આચરેલ હોય, ત્હોમતદારને સજા કરી, દંડ ફરમાવી ફરિયાદીની કાયદેસરની લેણી રકમ રૂપિયા ૮૦,૦૦૦/- વળતર પેટે અપાવવા અરજ ગુજારેલ છે.

**૨)** ફરીયાદીએ પોતાની ફરીયાદ સાથે આરોપીએ ફરીયાદીને આપેલ વિવાદીત ચેક, ચેક રીર્ટન મેમાઓ, ચેક રીર્ટન થયા અંગે વકીલશ્રી મારફત ફરીયાદીએ આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત તેમજ નોટીશ સંબંધેના પોસ્ટ ખાતાના દસ્તાવેજો વિગેરે અલાયદા પુરાવા લીસ્ટથી સામેલ કરેલ છે.

**૩)** ફરીયાદીની ફરીયાદ આંક-૦૧ તળે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા થયેલ હુકમ મુજબ ઉકત ફોજદારી નંબરથી ફોજદારી કેસ નોંધાયેલ છે. ત્યારબાદ આરોપીને કરેલ પ્રોસેસ હેઠળ તેઓ હાજર થતાં ફરીયાદ હકીકતોની માહિતિ આપી/ નકલો આપી આંક - ૦૭ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય ચાલતા કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રેકર્ડે રજુ થયેલ છે.

**૪) <u>ફરીયાદ પક્ષે રજુ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ</u> :**

**<u>ફરીયાદ પક્ષે રજુ રાખેલ મૌખિક પુરાવાઓ</u> :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી શ્રી રામ ફાઈનાન્સ લી. ના પાવર ઓફ એટર્ની હોલ્ડર શ્રીનિશાર અહેમદ ગુલાબઅહેમદ શેખનું સરતપાસનું સોગંદનામુ | ૦૪ |

**ફરિયાદ પક્ષે રજુ રાખેલ લેખિત પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આર.બી.આઈ. તરફથી આપવામાં આવેલ સર્ટીફિકેટની નકલ. | ૦૯ |
| ૨ | એન.સી.એલ.ટી. નો ઓર્ડર | ૧૦ |
| ૩ | ફરિયાદીને આપવામાં આવેલ પાવરનામાની નકલ. | ૧૧ |
| ૪ | તહોમતદારના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ. | ૧૨ |
| ૫ | તહોમતદારે આપેલ આપેલ ચેક. | ૧૩ |
| ૬ | ચેક રીટર્ન મેમો. | ૧૪ |
| ૭ | આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ | ૧૫ |
| ૮ | લીગલ નોટિસ રજી. એડી. કર્યા અંગેની પોસ્ટની ખાતાની પાવતી નંગ. | ૧૬ |
| ૯ | પોસ્ટ ખાતાનું એકનોલેમજમેન્ટ | ૧૭ |
| ૧૦ | તહોમતદારે આપેલ નોટિસનો જવાબ. | ૧૮ |
| ૧૧ | હાઈપોથીકેશન કમ લોન એગ્રીમેન્ટ | ૩૨ |
| ૧૨ | લેટર ઓફ કન્સેન્ટ | ૩૩ |
| ૧૩ | લોન ફાઈનલ ડેટાશીટ | ૩૪ |

આ સિવાય ફરીયાદ પક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ રાખેલ હોઈ ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનું આંક –૪૬ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, જાહેર કરતાં ફરીયાદ પક્ષે વિશેષ કોઈ જ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ નથી.

**૫) સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન**

ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવા સામે આરોપીનું સી.આર.પી.સી. કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલું છે કે, '' આ કામમાં અમોએ આંક – ૩૯ થી દસ્તાવેજો રજૂ રાખેલ છે. તે મુજબ અમોએ તમામ રકમ ફરિયાદી પેઢીમાં જમા કરાવી આપેલ છે. તેમજ લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ માર્ક – ૩૯/૫ થી રજૂ રાખેલ છે. તેમજ અમો આરોપીએ માર્ક – ૩૯/૬ થી કુલ ૧,૭૭,૨૮૦/– જમા કરાવ્યા અંગેની પહોંચો રજૂ રાખેલ છે. તેમ છતાં આ કામના ફરિયાદીએ અમારા કોરા ચેકનો દુરોપયોગ કરી, જાતે વિગતો ભરી, ખોટો કેસ કરેલ છે અને ખોટી જુબાની આપેલ છે. '' પરંતુ આરોપીએ પોતે સોગંદ ઉપર પુરાવો રજૂ રાખેલ નથી. જયારે આરોપીએ તેઓના બચાવમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**આરોપી તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | એડવોકેટશ્રી મચંક.બી. જોષી મારફતે આપવામાં આવેલ રજી. એડી.નોટિસ | ૫૨ |
| ૨ | ઉપરોકત નોટિસનો આપેલ જવાબ. | ૫૩ |
| ૩ | રજી. એડી. કર્યા અંગેની પાવતી તથા એકનોલેજમેન્ટ | ૫૪ |
| ૪ | કંપની દ્રારા આરોપીને આપવામાં આવેલ રજી. એડી. નોટિસ. | ૫૫ |
| ૫ | આરોપીનું લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૫૬ |
| ૬ | આરોપીએ લોન પેટે જમા કરાવેલ રકમ અંગેની ૨૭ પહોંચો. | ૫૭ |

**<u>દલીલ</u>**

૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. વ. શ્રીનાંઓએ દલીલ કરેલ છે કે, આંક – ૧૩ ના ચેકમાં આરોપીએ પોતાની સહી સ્વીકારેલ છે. આરોપીએ ફરિયાદી કંપની પાસેથી વાહન લોન લીધેલ છે તેનું સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદીએ નિયમિત લોનના હપ્તાની રકમ ભરપાઈ ન કરતા બાકી લેણી રકમના બદલામાં આંક – ૧૩ નો ચેક આપેલ. જે રીટર્ન થતાં આરોપીના સરનામે આંક – ૧૫ વાળી ડીમાન્ડ નોટિસ મોકલવામાં આવેલ. તે ડીમાન્ડ નોટિસનો પણ આરોપીએ સ્વીકાર કરેલ હોય, ફરિયાદીનું કાયદેસરનું લેણું સાબિત થાય છે. જે લેણું ચુકવવા પેટે ફરિયાદીને આપેલ ચેક રીટર્ન થતાં આરોપીએ એન.આઈ. એકટની કલમ – ૧૩૮ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય, આરોપીને સખ્ત નશ્યત કરવા તેમજ ચેકની રકમથી બમણી રકમનો આરોપીને દંડ કરી વળતર પેટે ચેકની રકમ અપાવવા વિનંતી કરેલ છે

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી દ્રારા આંક – ૬૧ થી લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરિયાદીએ જણાવેલ હકીકતોનો ઈનકાર કરેલ છે અને જણાવેલું છે કે, ફરિયાદીએ પોતે આરોપીને કયારે અને કેટલું ધિરાણ આપેલ છે તે આંક – ૧ ની ફરિયાદમાં, આંક – ૪ કે આંક – ૧૫ માં કયાંય જણાવેલ નથી. તારીખ ૨૫/૦૩/૨૦૨૩ સુધીની વ્યાજ સહિની રકમ ૨,૧૬,૬૫૭.૮૮ ની કેવી રીતે ગણતરી કરી, કયાંથી કયાં સુધીના

વ્યાજની કે ટકાની ગણતરી કરી તેનો કોઈ હિસાબ તેઓએ આ કામે રજૂ રાખેલ નથી. આંક – પર થી એડવોકેટ મારફત તારીખ ૧૩/૦૨/૨૦૨૧ ના રોજ નોટિસ આપેલ તે જોવામાં આવે તો તેમાં આરોપી પાસે રૂપિયા ૫૫,૪૮૦/– ની રકમની માંગણી કરવામાં આવેલ છે. જયારે હાલનો કેસ તારીખ ૦૯/૦૫/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ છે. જેમાં રૂપિયા ૮૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. આંક – ૫૫ ની નોટિસ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીની નોટિસ જોવામાં આવે તો તેમાં લોનની બાકી રકમ રૂપિયા ૬૪,૯૨૧/– દર્શાવેલ છે. આમ, ફરિયાદી પોતે પોતાની રકમ કયાંય સાબિત કરી શકતા નથી. આરોપી પાસેથી રૂપિયા ૮૦,૦૦૦/– બાકી લેણું લોન પેટે નીકળે છે તેવું દર્શાવતો એક પણ પુરાવો ફરિયાદીએ આ કામમાં રજૂ રાખેલ નથી. આમ, ફરિયાદીએ ખોટા દસ્તાવેજો ઉભા કરેલ છે અને ફરિયાદીનું કાયદેસરનું કોઈ લેણું ન હોવા છતાં આરોપીની જાણ બહાર ચેક જમા કરાવેલ છે તેમ આરોપીએ ફરિયાદીની ઉલતપાસથી સાબિત કરેલ છે તેમ જણાવેલ છે અને નીચે મુજબના ચુકાદાઓ લેખિત દલીલના સમર્થનમાં રજૂ કરેલ છે.

(૧) ડી.સી.આર. ૨૦૧૦ (૨) પાના નંબર – ૨૨૫, મદ્રાસ જી. વિરાચાની વિરૂઘ્ધ કિરિપ્પાસામી,
(૨) ૨૦૧૩ (૧) ડી.સી.આર. પાના નંબર – ૨૫૮ ( એ.પી.) અશોકકુમાર ગૌડ વિરૂઘ્ધ શ્રીમતી પી. અંજલીબાઈ,
(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ, જી. પંકજસિંહ અમ્મા, વિરૂઘ્ધ માથી મેથ્યુ ( ગુજરનાર ) થ્રુ એલ.આર.એસ. ૨૦૦૪ (૧૨), એસ.સી.સી. ૮૩

(૪) કે.પી.ઓ. મોઈડીકુટ્ટી વિરૂધ્ધ પપ્પુ મંજુરી અને બીજા ૧૯૯૬ (૮), એસ.સી.સી. ૫૮૬, એ.આઈ.આર. ૧૯૯૬, એસ.સી.૩૩૫૬

(૫) બજાજ ફાયનાન્સ લીમીટેડ થ્રુ અનિકેત પરેશ દેસાઈ વિરૂધ્ધ પુજા નારાયણ ખેતાન ૨૦૨૧ (૦) એ.આઈ.જે.ઈ.એલ.એચ.સી. ૨૪૨૮૦૬

(૬) શ્રીપતિ સિંઘ ( ગુજરનાર ) થ્રુ ગૌરવસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ અને બીજા ક્રિમિનલ અપીલ નંબર – ૧૨૬૯– ૧૨૭૦/૨૦૨૧

(૭) એ વન ઓર્ગેનાઈઝ લી. હૈદ્રાબાદ વિ. પાયોનીયર પ્રોડકટસ લી. ન્યુ દિલ્હી ૨૦૦૩ (૨) ડી.સી.આર. ૨૭૩ ( દિલ્હી )

(૮) નીખીલ.પી.ગાંધી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૬ (૪), જી.એલ.આર. ૨૮૩૮ (૨) જી.એલ.એચ. – ૭૬૨

(૯) સ્પે. ક્રિમિનલ એપ્લીકેશન નંબર – ૫૯૧/૨૦૦૦, તારીખ ૧ ૫/૦૩/૨૦૨૧ પરેશભાઈ એમ વાઘાણ વિરૂધ્ધ પંકજ મનસુખભાઈ સેજપાલ,ગુજરાત હાઈકોર્ટ

(૧૦) કલાવેલી વિ. પાર્થ સારથી મદ્રાસ હાઈકોર્ટ, ૨૦૦૯ (૨) ડી.સી.આર. ૬૧૦

(૧૧) શ્રી કોર્પોરેશન વિરૂધ્ધ અનિલભાઈ પૂરણભાઈ બંસલ (૨૦૧૮) (૨), જી.એલ.એચ. ૧૦૫, પેરા નં – ૫૧,

(૧૨) એમ.એસ.નારાયણ મેનન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૬ (૬) એસ.એસ.સી. પેજ નંબર – ૩૯

ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતાં આરોપી સામે એન.આઈ.એકટ હેઠળનો કોઈ ગુનો બનતો ન હોય, આરોપીને નિર્દોષ છોડી મુકવા જણાવેલ છે.

**૭)** ફરિયાદપક્ષે રજૂ થયેલ ઉપરોકત પુરાવા ઘ્યાને લઈ આ કામે ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મહત્વના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા**

૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની ચુકવણી પેટે રકમ રૂપિયા – ૮૦,૦૦૦/– નો ઈન્ડિયન બેંક, ધ્રાંગધ્રા શાખાના ખાતામાંથી આપેલ ચેક નં. ૧૫૯૫૭૩ વાળો '' ફંડ ઈનસફીસીયન્ટ '' ના શેરા સાથે ફરીયાદીને તારીખ – ૨૮/૦૩/૨૦૨૩ નાં રોજ પરત ફરતાં ફરીયાદીએ તા. ૦૮/૦૪/૨૦૨૩ નાં રોજ મોકલેલ ડીમાન્ડ નોટીસ આરોપીઓને મળી ગયેલ હોવા છતાં નોટીસનો જવાબ ન આપી અને ચેકની રકમ ભરપાઈ ન કરી આપી આરોપીઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

**૮)** પક્ષકારો તરફેની રજુઆતોએ રેકર્ડે રજુ થયેલ પુરાવા હકીકતો સબબ કેસનું સમગ્ર રેકર્ડ ઘ્યાને લઇ ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નંબર–૧ : નકારમાં.

મુદ્દા નંબર–૨ : આખરી હુકમ મુજબ.

**૯)** ઉપરોકત મુદ્દાના જવાબ માટેના કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

**૯.૧ મુદ્દા નંબર – ૧ ની ચર્ચા ::–**

આ કામે મુદ્દા નંબર–૧ ની ચર્ચા કરવા સારૂ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

**ફરીયાદ પક્ષના પુરાવાઓ :–**

**૯.૨** ફરીયાદ પક્ષે આંક – ૦૪ થી ફરિયાદી શ્રી રામ ફાઈનાન્સ લી. ના પાવર ઓફ એટર્ની હોલ્ડર શ્રી નિશાર અહેમદ ગુલાબઅહેમદ શેખનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે ફરીયાદીએ ફરીયાદ અનુરૂપ પુરાવો આપતાં કથનો કરી ફરીયાદ માંહેની હકીકતો દોહરાવેલ છે અને આંક – ૧૩ થી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નંબર – ૧૫૯૫૭૩, તારીખ ૨૫/૦૩/૨૦૨૩ ના રોજનો અસલ ચેક, આંક – ૧૪ થી આરોપીએ ફરીયાદીને આપેલ સદર ચેક નંબર – ૧૫૯૫૭૩, તારીખ ૨૮/૦૩/૨૦૨૩ ના રોજ રીર્ટન થયા અંગેનો ચેક રીર્ટન મેમો, આંક –૧૫ થી ફરીયાદીએ આરોપીને રજી.એ.ડી. મોકલેલ નોટીસ તથા રજી. એડી. અંગેની પાવતી તથા પોસ્ટ ખાતાનું એકનોલેજમેન્ટ રજૂ કરેલ છે.

ત્યારબાદ ઉપરોકત ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી. દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં ફરિયાદીએ જણાવેલું છે કે...

'' હું ફરિયાદી કંપનીમાં સને– ૨૦૧૧ થી નોકરી કરુ છું અને હાલ હું બ્રાંચ કલેકશન મેનેજર તરીકે ફરજ બજાવું છું.

બ્રાંચ કલેકશન મેનેજર તરીકે કોઇ ગ્રાહક લોન લેવા આવે ત્યારે તેના દસ્તાવેજની ખરાઇ કરવાની અને જરૂરી લોનની પ્રોસેસ માટે આગળ મોકલવાની કામગીરી હોય છે. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિને લોન આપવાની મને સતા નથી. એ વાત ખરી છે કે કોને લોન આપવી કે કોને લોન ન આપવી કે લોનના કોઇ પણ પેપર્સમાં સહી કરવાની મને સત્તા નથી. એ વાત ખરી નથી કે કંપનીએ કોને લોન આપેલ છે તેની મને કોઇ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે હાલ હું જુબાની આપુ છું તે રેકર્ડ આધારીત આપુ છું.

એ વાત ખરી નથી કે આંક–૧ વાળી ફરિયાદમાં આરોપીને કયારે અને કેટલી રકમની લોન આપેલી તેવું કયાંય જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧ માં જણાવેલ મારુતી ઇકો ગાડી નંબર–જી.જે.૦૧ કે.એમ.ર૪૫૧ કોની માલિકીની છે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. હું નામદાર કોર્ટનું રેકર્ડ જોઇને કહુ છું કે ઉપરોકત જણાવેલ વાહન કોની માલિકીનું છે તેવું દર્શાવતો આધાર પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મે હાલની આંક–૧ વાળી ફરિયાદ દાખલ કરેલ છે તે મે પાવર ઓફ એર્ટનીના આધારે દાખલ કરેલ છે.

એ વાત ખરી છે કે અમારી કંપનીના જોઇન્ટ મેનેજીંગ ડાયરેક્ટર શ્રી માન નીલેષ એસ.ઓડેદરા અમારી કંપનીમાં જોઇન્ટ મેનેજીંગ ડાયરેક્ટર તરીકેનો હોદ્દો ધરાવે છે તેવું બતાવતો કોઇ આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમારી કંપનીના જોઇન્ટ મેનેજીંગ ડાયરેક્ટર શ્રી માન નીલેષ એસ.ઓડેદરા ને કોઇ ત્રીજી વ્યક્તિને પાવર

ઓફ એર્ટની આપવાના પાવર છે તેવું બતાવતો કોઇ આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી.

મને આંક–૧૧ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છું કે તે મને આપવામાં આવેલ પાવર ઓફ એર્ટની છે તેમાં જોઇન્ટ મેનેજીંગ ડાયરેક્ટર કોઇ ફોટોગ્રાફ કે તેમનું આધાર કાર્ડ લગાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિને અમારી કંપનીમાંથી લોન લેવી હોય તો તે અંગેનું ફોર્મ ભરવું પડે. અને જો તેની લોન મંજુર થાય તો તે બાબતેનો લોન એગ્રીમેન્ટ કરવામાં આવે છે.

એ વાત ખરી છે કે આરોપીએ અમારી કંપનીમાં લોનની માંગણી કરેલ હોય તેવું દર્શાવતું કોઇ ફોર્મ ભરેલ હોય અને તેવું કોઇ ફોર્મ આ કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે જરૂર પડ્યે રજુ કરીશ. એ વાત ખરી છે કે આંક–૧ ની ફરિયાદમાં આરોપીને કયા લોન એગ્રીમેન્ટ થી લોન આપેલ તેનો નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૧ ની પાવર ઓફ એર્ટનીમાં પણ આરોપીને કયારે અને કેટલી રકમની લોન આપેલી તેવું જણાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૧ ની પાવર ઓફ એર્ટનીમાં આરોપીનું નામ કયાંય જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૧ વાળું પાવર ઓફ એર્ટની બીજા રાજ્યમાં તૈયાર કરવામાં આવેલ છે. આંક–૧૧ વાળું પાવર ઓફ એર્ટની ગાંધીનગર મુકામે તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૧ વાળું પાવર ઓફ એર્ટની સુરેન્દ્રનગર ખાતે સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી કરાવેલ નથી. એ વાત ખરી છે કે મારી લોકલ ઓફીસ હાલ ધ્રાંગધ્રા મુકામે આવેલ છે અને અમારી મેઇન કચેરી તમિલનાડું ચેન્નાઇ ખાતે આવેલ છે. એ વાત ખરી છે કે અમારી શ્રીરામ ફાઇનાન્સ કંપનીમાં અલગ

અલગ વિભાગો આવેલા છે. એ વાત ખરી છે કે હાલની આ કામની ફરિયાદ શ્રીરામ ફાયનાન્સ લી.ના નામથી દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૩ વાળો ચેક શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી.ના નામનો છે. એ વાત હું કહી શકુ નહી કે આંક–૧૩ વાળા ચેકમાં અલગ અલગ પેનનો ઉપયોગ થયેલ છે કે કેમ ? એ વાત ખરી છે કે આંક–૧૩ વાળા ચેકમાં અલગ અલગ અક્ષરો પડે છે. એ વાત ખરી નથી કે જ્યારે કોઈ લોન ધારકને લોન મંજુર થાય તો તેને ચેકથી પેમેન્ટ આપવું પડે. સાહેદ જણાવે છે કે કોઈ કેસમાં રી લોન થતી હોય તો તેના જુના લોન એગ્રીમેન્ટમાં જ જમા કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે આ કામે કહેવાતી લોનની રકમ આરોપીને કઈ રીતે આપેલી તેનો દસ્તાવેજ રજુ રાખેલ નથી. *એ વાત ખરી નથી કે આરોપીએ ભૂતકાળમાં જે લોન મેળવેલ તે લોનની તમામ રકમ ભરપાઈ કરી આપેલ છે. એ* વાત ખરી નથી કે આરોપીનો સિકયુરીટી પેટે પડેલા ચેકનો મે દુરુપયોગ કરેલ છે.

એ વાત ખરી છે કે આ કામે આરોપીને આંક–૧૫ થી નોટીસ આપેલ તેનો આરોપીએ તેઓના વિ.વ.શ્રી મારફતે જવાબ આપેલ છે. એ વાત ખરી છે કે ઘણી વાર કોઈ લોન ધારક રેગ્યુલર હપ્તા ભરતા ન હોય તો રીકવરી માટે કંપની કેસ કર્યા અગાઉ પણ નોટીસ આપતી હોય છે.

મને માર્ક – ૩૯/૧ વાળી નોટીસ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે અમારી રામ ફાયનાન્સ કંપની વતી અમારા એડવોકેટ શ્રી મયંક બી. જોષી નાઓએ આરોપીને તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ નોટીસ આપેલ. એ વાત ખરી છે કે તે નોટીસમાં અમારી કંપનીના એડવોકેટ ની સહી છે. તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ જે નોટીસ આપાવામાં આવેલ

હતી તે રકમ રૂપિયા ૫૫,૪૮૦/– ની હતી. એ વાત ખરી છે કે અમારી કંપની તરફથી તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ જે નોટીસ આપાવામાં આવેલ હતી  તે નોટીસનો જવાબ આરોપીના એડવોકેટશ્રીએ આપેલ હતો. એ વાત ખરી છે કે અમારી કંપની તરફથી એડવોકેટ મારફતે તા.૭/૧૦/૨૦૨૧ ના રોજ નોટીસ આપવામાં આવેલી. જે હાલના કામે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે તે નોટીસ (આંક – ૫૫ ) રૂપિયા ૬૪,૯૨૧.૫૬/– ની આપવામાં આવેલી. મને માર્ક–૩૯/૫ ( આંક – ૫૬ ) બતાાવવામાં આવે છે તે જોઇને કહું છું કે તે શ્રી રામ ફાયનાન્સ કંપનીનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ છે. સાહેદ જણાવે છે કે તે જૂની લોનનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ છે. એ વાત ખરી નથી કે તે સ્ટેટમેન્ટ મુજબ આરોપીએ તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ બાકી રહેતી રકમ રૂપીયા ૩૩૮.૯૯/– ભરવાના થતા હતા. મને માર્ક–૩૯/૬ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે પૈસા ભર્યા અંગેની કાચી મોબાઈલ રીસીપ્ટ છે. જે તા.૧૦/૩/૧૭ ની છે અને તેમાં રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સના સિગ્નેચર અધિકારી તરીકે કે.એન.ઝાલાનાઓની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૦/૦૩/૨૦૧૭ ના રોજ રૂપિયા ૬૦૦૦/– જમા કરાવેલ છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજ રૂપિયા ૬૨૦૦/– જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે.

એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૧/૦૭/૨૦૧૭ ના રોજ રૂપિયા ૬૧૦૦/– જમા

કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૦૬/૧૦/૨૦૧૭ ના રોજ રૂપિયા ૫૯૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૭/૧૧/૨૦૧૭ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૦૮/૦૩/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૦૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૫/૦૪/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૦૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૦૯૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૯/૦૫/૨૦૧૮ ના રોજ રૂપિયા ૧૧૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ

તા.૨૨/૦૯/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ રૂપિયા ૮૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૦૯/૦૧/૨૦૧૯ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૩/૦૧/૨૦૧૯ ના રોજ રૂપિયા ૬૨૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૪/૦૨/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૦૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૩/૦૩/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૭૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૭૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ રૂપિયા ૧૫૦૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના

અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૮૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૧/૧૦/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૫૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૨૩/૧૨/૨૦૧૯ ના રોજ રૂપિયા ૭૦૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ રૂપિયા ૭૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી છે કે આરોપીએ તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ રૂપિયા ૭૫૦૦/- જમા કરાવેલ છે. તેમાં પણ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપનીના અધિકારીની સહી છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે તા.૨૫/૦૩/૨૦૨૩ ના રોજ અમારા રૂપિયા ૮૦,૦૦૦/- બાકી લેણા નિકળે છે તેવો કોઇ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક-૧૩ વાળા ચેકમાં અલગ અલગ પેનનો ઉપયોગ થયેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ અમને આવો કોઇ ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસે અમારુ કોઇ કાયદેસરનું લેણું બાકી નીકળતું નથી. એ વાત ખરી નથી કે આરોપીએ ભૂતકાળમાં જે લોન લીધેલ હતી તેનો સિક્યુરીટી પેટે આપેલ ચેકનો દુરપયોગ કરેલ છે.

**કાયદાકીય જોગવાઈ.**

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ વંચાણે લેવામાં આવે તો તેના મુખ્યત્વે તત્વો નીચે મુજબ છે.

૧. તકરારી ચેક કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હોવો જોઈએ.

૨. તકરારી ચેક અપુરતા નાણા ભંડોળના કારણે વગર સ્વીકાર્યે પરત થયો હોવો જોઈએ.

૩. તકરારી ચેક તેના ઉપર લખેલ તારીખથી ત્રણ માસની સમયમર્યાદામાં બેંકમાં રજુ થયો હોવો જોઈએ.

૪. ચેકનો અનાદર થયાની ફરીયાદીને જાણ થયાથી ૩૦ દિવસની અંદર ફરીયાદી ધ્વારા આરોપીને ડીમાન્ડ નોટીસ આપી રકમની માંગણી કરેલ હોવી જોઈએ.

૫. ડીમાન્ડ નોટીસ મળી ગયા બાદ દિન–૧૫ માં આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપવામાં નિષ્ફળ થયેલ હોવા જોઈએ.

૬. ફરીયાદીનું આરોપી પાસેથી લેણુ કાયદેસરનું હોવું જોઈએ.

ફરીયાદી ધ્વારા આરોપીઓને ડીમાન્ડ નોટીસ મોકલ્યા બાદ સમયમર્યાદામાં આરોપીઓ ધ્વારા ચેકની રકમ ચુકવી આપવામાં ન આવે તો ફરીયાદીને આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવાનું કારણ રહે છે જે ફરીયાદ અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો ....

**<u>એન.આઈ.એકટની કલમ–૧૩૯ – ધારકની તરફેણમાં ધારણા</u>**

**(૧૦)** જયાં સુધી વિપરીત સાબિત ન થાય ત્યાં સુધી એવી ધારણા કરવામાં આવશે કે ચેકના ધારકે જે તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈમાં જણાવ્યા મુજબનું કાયદેસરનું દેવુ તેમજ અન્ય જવાબદારી ચુકવી આપવા પ્રાપ્ત કરેલ છે. એન.આઈ.એકટની ઉપરોકત કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ ની જોગવાઈ એકસાથે વંચાણે લેવામાં આવે તો ચેક ધારકની તરફેણમાં મેન્ડેટરી અનુમાન કરવાનું રહે છે પરંતુ આરોપીઓ ધ્વારા જો વિપરીતનું સાબિત કરવામાં આવે તો ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ નથી તેમ માનવાને કારણ રહે છે. આરોપી ઓ ધ્વારા તેઓનો બચાવ રજુ કરવા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો સિધ્ધાંત તેઓની તરફેણમાં છે તેમ બચાવ રજુ કરવાનો રહેશે. જે સિધ્ધાંત મુજબ ફરીયાદી ધ્વારા રજુ થયેલ પુરાવાનુ આરોપીઓએ માત્ર ખંડન કરવાનું રહે છે. આરોપી ધ્વારા ફરીયાદીની તરફેણમાં થતું કલમ–૧૩૯ નું કાયદેસરના અનુમાનથી વિપરીત પુરવાર કરવા અલગથી કોઈ પુરાવો રજુ કરવાનો રહેતો નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

**(૧૧)** આ કામે ફરિયાદીની સમગ્ર ફરિયાદ, ડીમાન્ડ નોટિસ તથા પુરાવાનું સોગંદનામુ વંચાણે લેવામાં આવે તો આરોપીને વાહન ગીરો મુકી તેના ઉપર ફરિયાદી પાસેથી લોન લીધાનું જણાવેલ છે. જે લોનના હપ્તાની નિયમિત આરોપીએ ચુકવણી કરેલ ન હોય, બાકી રકમ ફરિયાદીનું કાયદેસરની લેણી રકમ હોવાનું ફરિયાદીએ જણાવેલ

છે. જે સાબિત કરવા ફરિયાદીએ આંક – ૩૨ થી હાઈપોથીકેશન કમ લોન એગ્રીમેન્ટ રજૂ રાખેલ છે. જે સમગ્ર એગ્રીમેન્ટ વંચાણે લેતાં સદર એગ્રીમેન્ટ તારીખ ૧૭/૦૨/૨૦૨૦ ના રોજ સહી કરીને કરવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ સદર એગ્રીમેન્ટમાં કોઈ પણ જગ્યાએ લોનનો પ્રકાર જણાવેલ નથી કે લોન ફરિયાદ, નોટિસ અને સોગંદનામાના પેરા નંબર – ૨ માં જણાવેલ ઈકો ગાડી નંબર જી.જે.૦૧.કે.એમ.૨૪૫૧ ને હાઈપોથીકેટ કરી, આરોપીને લોન આપવામાં આવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ લોન એગ્રીમેન્ટમાં થયેલ નથી. પરંતુ સદર એગ્રીમેન્ટ સાથે શીડયુલ – ૧ તરીકે જોડવામાં આવેલ દસ્તાવેજમાં ફરિયાદમાં જણાવેલ વાહનનું નામ, નંબર તથા લોનની રકમ રૂપિયા ૮૦,૦૦૦/– તથા ૨૪ હપ્તાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જે હપ્તાની રકમ રૂપિયા ૪૫૨૭ /– હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આંક – ૩૩ થી ફરિયાદીએ લેટર ઓફ કન્સેન્ટ ની એટેસ્ટેડ કોપી રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં આરોપીને પ્રથમ લીધેલી લોન રૂપિયા ૮૦,૦૦૦/– ની બાકી રકમ રૂપિયા ૭૬,૪૬૦/– ચુકવવા માટે આરોપી સક્ષમ ન હોય, તારીખ ૧૫/૦૨/૨૦૨૦ ના રોજ આરોપી દ્રારા ફરીથી રૂપિયા ૮૦,૦૦૦/– ની લોનની માંગણી કરેલ હોવાનું જણાય છે. જે આંક – ૩૩ નો લેટર ઓફ કન્સેન્ટ ફરિયાદીએ પોતે રજૂ રાખેલ છે. તેમાં જણાવ્યા મુજબ આરોપીએ પ્રથમ લીધેલ લોનની રકમ ચુકતે કરવા ફરીથી ફરિયાદી કંપની પાસેથી લોનની માંગણી કરેલ છે. પરંતુ ફરિયાદીની હાલની ફરિયાદ, ડીમાન્ડ નોટિસ

કે પુરાવાના સોગંદનામામાં આરોપીને ફરિયાદી કંપની દ્વારા અગાઉની આઉટસ્ટેન્ડીંગ રકમ ૭૬,૪૬૦/– ની રકમ ચુકવવા માટે ફરિયાદમાં જણાવેલ લોન ફરીથી આપવામાં આવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી ફરિયાદી દ્વારા આરોપીને વાહન ગીરો લઈ ફરીથી લોન આપવામાં આવેલ તે લોનના બાકી હપ્તા પેટે કે અગાઉની લોનના બાકી હપ્તાની રકમ પેટે આંક – ૧૩ વાળો ચેક ફરિયાદીએ મેળવેલ કે કેમ? તે અંગેનો કોઈ ખુલાસો ફરિયાદીએ કરેલ નથી. વધુમાં આંક – ૩૪ થી ફરિયાદીએ રજૂ કરેલ ડેટા શીટ વંચાણે લેવામાં આવે તો આરોપીની પ્રથમ વ્હીકલ લોન તારીખ ૧૦/૦૨/૨૦૨૨ ના રોજ NIL (શૂન્ય) થઈ ગયેલ છે તેમ જણાય છે. તે હકીકત સાથે આરોપીએ રજૂ કરેલ આંક – ૫૬ ની લોન સમરી વંચાણે લેવામાં આવે તો આરોપી દ્વારા તારીખ ૧૪/૦૨/૨૦૨૦ ના રોજ રૂપિયા ૭૬,૪૬૦/– ની રકમ ભરપાઈ થઈ ગયેલ હોવાનું જણાય છે. ત્યારબાદ આરોપીએ આંક – ૫૫ થી રજૂ કરેલ નોટિસ વંચાણે લેવામાં આવે તો સદર નોટિસ આરોપીને ફરિયાદી દ્વારા તારીખ ૦૭/૧૦/૨૦૨૧ ના રોજ કરાર નંબર – SURNGT002170001 તથા મિલકત નંબર – G.J.01.K.M.2451 ની બાકી લોન માટે નોટિસ આપ્યાનું જણાય છે. જે આંક – ૫૫ ની નોટિસ તથા આંક – ૫૬ નું સ્ટેટમેન્ટ એક સાથે વંચાણે લેવામાં આવે તો આરોપીએ લીધેલ પ્રથમ લોન તારીખ ૧૪/૦૨/૨૦૨૦ ના રોજ ફરિયાદી દ્વારા આપવામાં આવેલ બીજી લોનથી ભરપાઈ થઈ ગયેલ છે તે સેટલમેન્ટ તારીખ ૧૪/૦૨/૨૦૨૦ પછી વર્ષ

– ૨૦૨૧ માં આંક – ૫૫ ની નોટિસ ફરિયાદી દ્રારા ઈસ્યુ કરવામાં આવેલ છે. તે નોટિસ ઘ્યાને લેતાં આંક – ૫૫ થી આરોપીએ રજૂ કરેલ નોટિસ ફરિયાદમાં જણાવેલ લોનના વ્યવ્હાર અંગેની નોટિસ હોવાનું સાબિત થાય છે. વઘુમાં આંક – ૫૫ ની નોટિસમાં કરાર નંબર – SURNGT002170001 તથા મિલકત નંબર – G.J.01.K.M.2451 નો ઉલ્લેખ છે. તે જ કરાર નંબર થી આંક – ૧૨ નું લોન સ્ટેટમેન્ટ ફરિયાદીએ રજૂ રાખેલ છે. જે આંક – ૧૨ ના લોન સ્ટેટમેન્ટ મુજબ ફરિયાદીનું તારીખ ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ આંક – ૧૩ નો ચેક રીટર્ન થયા બાદ કાયદેસરનું લેણું રૂપિયા ***૨,૧૬,૬૫૭.૮૮/–*** બતાવવામાં આવેલ છે. જયારે હાલની ફરિયાદમાં ફરિયાદીએ લોનની રકમ રૂપિયા ***૮૦,૦૦૦/–*** બતાવેલ છે. જે મુજબ ફરિયાદીનું કાયદેસરનું લેણું રૂપિયા ***૮૦,૦૦૦/–*** હોવાનું જણાય છે. જયારે આરોપીએ રજૂ કરેલ આંક – ૫૫ ની ફરિયાદીએ આપેલ નોટિસમાં ફરિયાદીએ તેઓની બાકી નીકળતી લેણી રકમ રૂપિયા ***૬૪,૯૨૧/–*** બતાવેલ છે તથા નોટિસના પેરા નંબર – ૨ માં આરોપીએ લોનની રકમ સામે રૂપિયા ***૫,૪૬૪/–*** જમા કરાવેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે તથા લોનના માસિક ***હપ્તા ૩૧*** હોવાનું જણાવેલ છે તથા લેણી રકમ રૂપિયા ***૬૦,૬૩૬/–*** હોવાનું જણાવેલ છે. જે લેણી રકમ રૂપિયા ***૬૦,૬૩૬/–*** આરોપીએ ફરિયાદી પાસેથી મેળવેલ પ્રથમ લોનની બાકી લેણી રકમ છે કે હાલની ફરિયાદમાં જણાવેલ લોનની બાકી લેણી રકમ છે તેવો કોઈ ખુલાસો કે આઘાર પુરાવો ફરિયાદીએ ફરિયાદ, નોટિસ

કે સોગંદનામામાં કરેલ નથી. તેમજ આરોપીએ આંક – ૫૫ થી રજૂ કરેલ નોટિસ બાદ પણ લોનની બાકી રકમનો કોઈ આધાર પુરાવો ફરિયાદીએ આ કામે રજૂ કરેલ નથી. આંક – ૫૫ થી રજૂ નોટિસમાં ફરિયાદીએ ***૩૧ હપ્તાનો*** ઉલ્લેખ કરેલ છે. જયારે આંક – ૧૨ થી રજૂ લોન સ્ટેટમેન્ટમાં ***૨૪ હપ્તાનો*** ઉલ્લેખ કરેલ છે તથા આંક – ૩૨ થી રજૂ લોન એગ્રીમેન્ટમાં પણ ***૨૪ હપ્તાનો*** ઉલ્લેખ કરેલ છે. ત્યારે ફરિયાદી દ્વારા આરોપીને કુલ કેટલા હપ્તામાં લોનની રકમ ચુકવણી માટે રૂપિયા ૮૦,૦૦૦/– ની લોન આપવામાં આવેલ તે અંગે ફરિયાદીએ રજૂ કરેલ પુરાવામાં મહત્વનો વિરોધભાષ જોવા મળે છે તથા લોનની બાકી રકમ રૂપિયા ૮૦,૦૦૦/– છે કે રૂપિયા ૬૦,૬૩૬/– છે તે અંગે પણ ફરિયાદીએ રજૂ કરેલ પુરાવામાં વિરોધાભાષ જોવા મળેલ છે. તેમજ ફરિયાદીની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો ફરિયાદીએ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, ફરિયાદી લોનની રકમ સામે તારીખ ૧૦/૦૧/૨૦૨૦ સુધીમાં રકમ ટુકડે ટુકડે જમા કરાવેલ છે. જે ફરિયાદીની ઉલટતપાસની કબુલાત ધ્યાને લેતાં પણ ફરિયાદીએ રૂપિયા ૮૦,૦૦૦/– ની લોન સામે અમુક હપ્તાની રકમ જમા કરાવેલ છે. તે જમા કરાવેલ રકમની હકીકત ફરિયાદીએ તેઓની ફરિયાદ, નોટિસ અને સોગંદનામામાં છુપાવેલ છે. જે ઉપરોકત તમામ કેસની હકીકતો અને પુરાવાની ચર્ચા ધ્યાને લેતાં તથા આરોપી પક્ષે રજૂ કરેલ ઉલટતપાસ ધ્યાને લેતાં ફરિયાદીએ આપેલ લોન રૂપિયા ૮૦,૦૦૦/– ની સામે આરોપીએ અમુક હપ્તાની રકમ જમા

કરાવેલ હોય, ફરિયાદીનું આરોપી પાસેથી રૂપિયા ૮૦,૦૦૦/– નું પૂરેપૂરું કાયદેસરનું લેણું નથી તેમ આરોપીએ ઉલટતપાસથી પોતાનો પ્રાબેબલ ડીફેન્સ રજૂ રાખેલ છે. ત્યારે પ્રિ – પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે ફરિયાદીની તરફેણમાં થતાં એન. આઈ. એકટની કલમ – ૧૩૯ મુજબના અનુમાનનું આરોપી તરફે ખંડન થયેલ છે તે મુજબ આરોપીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ઉલટતપાસથી એન.આઈ.એકટની કલમ – ૧૩૯ ની સ્ટેચ્યુટરી પ્રિઝમપ્શનનું ખંડન થયેલ હોય તથા ઉપરોકત પુરાવાના મુલ્યાંકનના આધારે ફરિયાદીના મૌખિક અને દસ્તાવેજી પુરાવામાં ફરિયાદીનું ખરેખર કેટલી રકમનું કાયદેસરનું લેણું છે તે અંગે મહત્વનો વિરોધાભાષ જોવા મળેલ હોય, આંક – ૧૩ ના ચેકમાં જણાવેલ રકમ ફરિયાદીનું આરોપી પાસેથી પૂરેપૂરી રકમ જેટલું કાયદેસરનું લેણું હોવાનું સાબિત થયેલ ન હોય, આંક – ૧૫ ની ડીમાન્ડ નોટિસ કાયદેસરની નોટિસ હોવાનું સાબિત થતું ન હોય, આંક – ૧૩ નો ચેક રીટર્ન થતાં ફરિયાદી પ્રત્યેનું આરોપીનું કોઈ દેવું હોવાનું સાબિત કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૧ નો નકારમાં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// આખરી હુકમ //–**

(૧) આ કામના આરોપી – વિજયભાઈ ખેંગારભાઈ પરમાર, રહે. ખોડુ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગરનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના

ગુનાનાં કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫(૧) નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવાની બાંહેધરી તરીકે બી.એન.એસ.એસ. – ૪૮૨ (૧) ( સી.આર.પી.સી.કલમ– ૪૩૭(અ) )ની જોગવાઈ મુજબ રૂપિયા ૫૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના અપીલ સમય સુધીના જાત મૂચરકા રજૂ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુરેન્દ્રનગર.
તારીખ : ૧૭/૦૩/૨૦૨૬

**( રૂ૦ચિતા વી. વૈશ્ય )**
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.
જજ કોડ : જીજે–૦૧૧૪૯

M.D.Muliya.